# વાર્ષિક માસવાર આયોજન

## ધોરણ - ૪

## ગુજરાતી (પ્રથમ સત્ર)





આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

**જૂન/ જુલાઇ માસનું પાઠ આયોજન**
**ધોરણ : 4 વિષય : ગુજરાતી**

**પાઠનું નામ:**

(૧) ખિસ્સામાં પહેલવાન ? હા (કાવ્ય)

**અધ્યયન નિષ્પતિ :**

૪.૪ કાવ્યાત્મક લખાણનું વિશ્લેષણ કરે છે.

૪.૬ વ્યક્તિગત જોડી જુથ કે સમૂહમાં કાવ્યગાન કરે છે.

૪.૧ પરિચિત પ્રસંગો, સ્થળ અને વ્યક્તિનું વર્ણન કરે છે.

૪.૩ વાર્તા પરથી નાટક ભજવે છે.

૪.૩ આપેલ શબ્દોના સમૂહમાંથી એક અર્થપૂર્ણ શબ્દ શોધે છે.

૪.૬ વ્યક્તિગત, જોડી કે જૂથકાર્ય કરે છે.

૪.૪ પરિચિત પરિસ્થિતિમાં કાવ્યાત્મક સંવાદ રજૂ કરે છે.

૪.૧૧ વાંચેલી વિગતોને દ્રશ્યાત્મક પ્રશ્નો રૂપે રજૂ કરે છે.

૪.૭ આપેલા શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય લખે છે.

૪.૪ પરિચિત પરિસ્થિતિ અંગે સંવાદ રજૂ કરે છે.

૬.૨ સમાનાર્થી શબ્દો શોધે છે અને ઓળખાવે છે.

૪.૧ પરિચિત પ્રસંગ અને સ્થળનું વર્ણન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ગીતનું ગાન કરશે.
- ચિત્ર પરથી પ્રશ્નોત્તરી
- વાર્તા વાંચન કરે
- નાટ્યાત્મક રીતે વાંચન કરે.
- 'ફાંકડું' અને 'ગફલું' ની સમજ કેળવે
- શબ્દ સમુહ માટે એક શબ્દના અર્થ સમજે.
- પોતાના વિચારો રજુ કરે.
- સૂચના મુજબ જોડકાં જોડે
- ગીતનું ગાન કરે
- કાવ્ય પરથી પ્રશ્નોત્તરી
- શબ્દો પરથી વાકય લેખન કરે.
- સાચા વિકલ્પો દ્વારા કાવ્ય પૂર્તિ કરે.
- સમાનઅર્થ વાળા શબ્દોનું લેખન
- પરિચ્છેદનું શ્રુતલેખન કરે.

**શૈક્ષણિક સાધન :**

- બળગીત નો અંક
- પાઠ ચિત્ર
- વાર્તા બુક
- જુદા જુદા આકારના ખિસ્સા
- વ્યાકરણ બુક
- જુદા જુદા વસ્ત્રો
- કહેવતોનો અંક
- શબ્દો ચાર્ટ
- નોટબુક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

– સૌ પ્રથમ વર્ગ વ્યવસ્થા માં બાળકોને હળવી કવાયત કરી એકમની ની શરૂઆત માં પ્રથમ ગીત ગવડાવીશ. બળકો સમૂહમાં ગીતનું ઝીલગાન કરશે. કાવ્યની સમજૂતી કરાવીશ. ચનભાઈ ની બડાશ બાળકો સમજશે. સાથે – સાથે બાળકો કાવ્યમાં આવતા બીજા પશુઓને પણ ઓળખશે અને જાણશે.

– બાળકોની પાઠ્ય પુસ્તકના પાનાં નંબર ૧ પર આપેલ ચિત્રનું અવલોકન કરવા કહીશ. બાળકો ચિત્રનું બરાબર બારીકાઈથી અવલોકન કરશે. અવલોકનના આધારે પ્રશ્નો પૂછશે. બાળકો તાર્કિક જ્ઞાન સાથે પ્રક્ષોની સમજૂતી શિક્ષક આપશે. બાળકો પોતાના પાઠ્ય

પુસ્તકમાં તેના જવાબો લખશે. અને યાદ રાખશે.

– શિક્ષક બાળકો સમક્ષ શેરીથી શર્ટ સુધીના વાર્તાનું આરોહ – અવરોહ સાથે વાંચન કરશે. કઠીન મુદ્દાઓની સમજ આપશે. બાળકે એક ધ્યાને વાર્તાનું શ્રવણ કરશે અને કઠીન મુદ્દાની સમજ મેળવશે. શિક્ષક બાળકોને વ્યક્તિગત ટુકડી પ્રમાણે વાર્તાનું વાંચન કરાવશે. બાળકો વારાફરતી વાર્તા વાંચન કરશે. શિક્ષક બાળકોને ઘરે પાંચ વખત વાર્તાનું વાંચન કરવા કહેશે. બાળકો સાથે વાર્તાને અનુરૂપ હાસ્યપદ વાર્તા કરશે. અને પછી વાર્તાને અનુલક્ષીને બાળકોને પ્રશ્નો પૂછશે. બાળકો તે વાર્તાને અનુરૂપ સચોટ જવાબો આપશે અને પ્રશ્નોના જવાબ પાઠ્ય પુસ્તકમાં લખશે.

– શિક્ષક વર્ગમાં બાળકોના જૂથ પાડીને ખિસ્સાભાઇ, દરજીભાઇ, સુરજદાદા વગેરેનો અભિનય કરાવશે. બાળકો જુદા – જુદા પાત્રો બની અભિનય કરશે. બાળકોને શું વધારે ગમે તેનો પણ બાળકો વ્યક્તિગત જવાબ આપશે. શિક્ષક બાળકોને પાઠમાં આવતા જુદા – જુદા પાત્રો જેવા કે ખિસ્સાભાઇ, ધોબીભાઇ, દરજીભાઇ, સુરજદાદા અને નીરજભાઇ જેવા જુદા – જુદા પાત્રો બનાવીને બાળકો પાસે નાટ્યરૂપે વાર્તાનું વાંચન કરશે. બાળકોને ખૂબ જ મજા આવે છે. આમ બધા બાળકોને આ પ્રવૃત્તિમાં જોડી અને બાળકોને વાર્તાનું નાટ્યરૂપે વાંચન કરાવશે. આ વાક્યો અને બનાવેલા વાક્યો સાચા હોય ‘ફાંકડું’ અને ખોટો હોય તો ‘ગફલું’ ની સમજ આપવી આવા શબ્દો સાંભળી બાળકોને મજા આવશે. અને વાક્યો વિચારીને ‘ફાંકડું’ અને ‘ગફલું’ નો જવાબ આપશે.

– શિક્ષક વર્ગમાં બાળકોને પાઠના આધારે એક ના એક કાર્ય કરતી વ્યક્તિને શું કહેવાય પરથી અનેક પાઠ્યપુસ્તક માં આપેલ વાક્યો પરથી શબ્દ સમૂહનો એક અર્થ બોલવા કહેશે. બાળકો બોલશે. દા.ત. હું તો સતત ભણ – ભણ જ કરૂં – તો તેને ભણેશ્વરી કહેવાય.

– શિક્ષક બાળકોને પોતાના પહેરવેશની સમજ આપશે. બાળકો જુદા – જુદા પહેરવેશ જેવા કે પેન્ટ, શર્ટ, ફ્રોક, ડ્રેસ, સુરવાલ, ગાઉન જેવા વસ્ત્રોના નામ બોલશે. એમાંથી તમને કયા કલરનું કયું વસ્ત્ર ગમે તે બાળકોને પૂછવું અને તે એ કયા કયા પ્રસંગોમાં પહેરવું ગામે. તેના વિશે સાત વાકયો લખવા માટે કહેવું. બાળકોને (પરીધાન)ની સમજ આપવી બાળકો સમજે અને લખે.

– શિક્ષક બાળકોને પાના નંબર ૧૨ પરના ફકરા સંવાદની સમજ આપશે. અને જોડકાં જોડવા માટે કહેશે. બાળકો પ્રશ્નોની સામે જવાબ સાચા જોડકાં જોડશે. ત્યાર બાદ શિક્ષક પાના નંબર ૧૪ પર આપેલ પ્રશ્ન અને જવાબના જોડકાં જોડવા માટે કહેશે. બાળકો તે પ્રમાણે શિક્ષકની મદદથી જોડકાં જોડશે. ત્યાર બાદ બાળકોને સમૂહમાં ગીતનું ગાન કરાવશે. બાળકો ઝીલગાન કરશે. અને જુદા – જુદા પ્રાણી અને વ્યક્તિના અભિનય કરશે.

– શિક્ષક બાળકો સમક્ષ ગીતનું ગાન કરે છે. બાળકો ધ્યાનથી સાંભળે છે અને આનંદ માણે છે. કાવ્યના આધારે શિક્ષક પાઠ્ય પુસ્તક માં આપેલ પ્રશ્નોના જવાબો પૂછશે. બાળકો તેના જવાબો આપશે. અને પ્રશ્નોના જવાબો લખશ.ે. બાળકોને દુધિયા દાંતની સમજ આપશે. એ કયારે પડે છે અને નવા દાંત કેટલા ટાઇમે આવે છે તેની સમજ આપશે. દાંતની

માવજત કઇ રીતે કરવી તેની સમજ આપશે. બાળકો સમજશે અને દાંતની સંભાળ રાખશે.

– શિક્ષક વર્ગમાં બાળકોને કાવ્યનું ગાન કરાવી કઠીન મુદ્દાઓની સમજ આપી કાવ્યને અનુરૂપ પ્રશ્નોના જવાબો પૂછશે. બાળકો પોતાની આગવી શૈલીમાં વિચારીને તેના જવાબો આપશે. અને પ્રશ્નો પોતાની નોટમાં લખશે. શિક્ષક બાળકોને પા.નં. ૧૬ પર આપેલા શબ્દોનો અર્થ સમજાવી તે શબ્દને અનુરૂપ બનતા ત્રણ વાક્યો લખવા જણાવશે. બાળકો શબ્દોનો અર્થ સમજી અને તેના પરથી સ્વપ્રયત્ને વાક્યો બનાવશે.

– શિક્ષક બાળકોને વાક્યોને ગીતની કઇ પંક્તિ લાગુ પડે છે તે શોધીને કાવ્ય પંક્તિ પૂર્ણ કરવા માટે કહેશે. બાળકો કાવ્યનું પઠન કરી કાવ્ય પંક્તિ પૂર્ણ કરશે. શિક્ષક બાળકોને પાઠમાં અને કાવ્યમાં આવતા સરખા અર્થવાળા શબ્દોની નોંધ કરાવશે. શબ્દોના અર્થની સમજ આપશે. બાળકો તે સમજશે અને લખશે.

– શિક્ષકબ બાળકોને પાઠના અંતે એક ફકરાનું શ્રુતલેખન કરાવશે બાળકો શ્રવણ કરી શ્રુતલેખન કરશે. શિક્ષક તપાસશે અને પડેલ ભૂલોને માર્ગદર્શન આપશે. ભૂલો સુધારવા જણાવશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

– ગીતનું ગાન
– ચિત્ર અવલોકન
– વાર્તા શ્રવણ
– કઠીન મુદ્દાની નોંધ
– જુદા – જુદા ખિસ્સાના ચિત્રો
– જુદા – જુદા અભિનય કરવા
– જોડાક્ષરો શોધવાની રમત
– ‘ફાંકડું’ અને ‘ગફલું’ ની રમત
– ઉગણશી, ડરપોક, ભણેશ્વરી, રખડું
– જુદા – જુદા કલરના વસ્ત્રો
– કલર કલરની રમત રમવી.
– ઇસરાથી જોડી બનાવવાની રમત
– જુદા – જુદા અભિનય
– કાવ્યમાં આવતા શબ્દોની નોંધ
– આપણા મોમાં કેટલા દાંત હોય ?
– વારાફરતી જવાબો આપવાની રમત
– ભાડું ચડ લાગ નીરવું
– સમાનાર્થી શબ્દો

**મૂલ્યાંકન**

– કાવ્યનું લેખન કરવા માટે જણાવીશ.
– પ્રશ્નોના જવાબો લખવા માટે કહીશ.
– દસ વાક્યોનું લેખન કરવા માટે જણાવીશ.
– પ્રશ્નોના જવાબો
– ધોબી શું કરે ?
– સુરજ દાદા કયાં હોય ?
– કપડાં કોણ સીવે ?
– વાર્તાનું વાંચન કરવા કહીશ.
– વાર્તાનું લેખન કરવા કહીશ.
– શબ્દ સમૂહ માટે એક શબ્દ શોધીને લખવા કહીશ.
– ગમતા વસ્ત્રો વિશે પાંચ વાક્યો લખવા માટે જણાવીશ.
– જોડકાં જોડી લખવા માટે કહેવું
– કહેવતો લખવા માટે જણાવીશ.
– કાવ્યનું પઠન કરવા માટે કહીશ.
– પ્રશ્નોના જવાબ લખવા જણાવીશ.
– બાળકોને શબ્દો પરથી વાક્યો બનાવવા કહીશ.
– કાવ્યનું લેખન કરવા કહેવું
– સરખા અર્થવાળા શબ્દો લખો.
– ભૂલો સુધારી ફકરો ફરીથી લખવા જણાવીશ.

**જૂન/ જુલાઇ માસનું પાઠ આયોજન**
**ધોરણ : 4 વિષય : ગુજરાતી**

**પાઠનું નામ:**

નિબંધ લેખન અનુલેખન

**અદયયન નિષ્પતિ :**

– બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખી સ્વચ્છ અને સુવાચ્ય લખાણ લખે.

**શૈક્ષણિક મુદ્દા :**

– નિબંધ લેખન – અનુલેખન

**શૈક્ષણિક સાધન :**

–

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તકમાંથી એક ફકરાનું અનુલેખન કરાવીશ. વિદ્યાર્થીઓ લેખનની નોટમાં અનુલેખન કરશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

– નિબંધ લેખન – અનુલેખન

**મૂલ્યાંકન**

–

**જૂન/ જુલાઇ માસનું પાઠ આયોજન**
**ધોરણ : 4** વિષય : ગુજરાતી

**પાઠનું નામ:**

'વર્ષાઋતુ'

**અદયયન નિષ્પતિ :**

– પરિચિત કે અપરિચિત વિષય પર સ્વતંત્ર લેખન કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

– નિબંધ લેખન – અનુલેખન

**શૈક્ષણિક સાધન :**

–

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ સાથે ''વર્ષાઋતુ'' વિશે ચર્ચા કરીશ. લેખનની નોટમાં ''વર્ષાઋતુ'' વિશે લખવા જણાવીશ. વિદ્યાર્થીઓ ''વર્ષાઋતુ'' વિશે લખશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

– નિબંધ લેખન – અનુલેખન

**મૂલ્યાંકન**

–

**ઓગષ્ટ માસનું પાઠ આયોજન**
**ધોરણ : 4 વિષય : ગુજરાતી**

**પાઠનું નામ:**

૨. તેને તે ઉગશે.

**અદયયન નિષ્પતિ :**

– પરિચિત પરિસ્થિતિ અંગે સંવાદ રજૂ કરે છે.
– આપેલા શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ શબ્દ વાક્ય લખે છે.
– વાર્તા સાંભળી તેના અંશોનું લેખન કરે છે.
– દ્રશ્યાત્મક વિગતોનું મૌખિક રીતે રજૂ કરી છે.
– વાંચેલી વિગતોને દ્રશ્યાત્મક રીતે રજૂ કરે છે.
– વ્યક્તિગત કે જોડીમાં જૂથ કાર્ય કરે છે.
– પરિચિત પરિસ્થિતિ અંગે સંવાદ રજૂ કરે છે.
– ચિત્રનું વર્ણન સાત – આઠ વાક્યોમાં કરે છે.
– ગીત અને વાર્તાના અંશોનું લેખન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– કાવ્યનું ગાન કરે છે.
– પંખી ઉડે ની રમત
– વાર્તા વાંચન કરી વિગત સમજે.
– વાક્ય પરથી વાર્તા લેખન બધી વસ્તુ કે નામ સાથે સંખ્યામાં અને ગુણ દર્શાવતા શબ્દો
– ચિત્ર પરથી શું અલગ છે તે શોધીને વાક્ય લખે
– જૂથકાર્ય ઉદાહરણ મુજબ કરે
– કાવ્યનું ગાન કરે
– કાવ્યાત્મક લખાણમાંથી વિગતો શોધે

– જોડકણા વાદરા વાદરા વર્ષે પાણી મૂળાક્ષરો પરથી બનતા શબ્દોનું વાંચન કરે

– પ્રશ્નોના જવાબ લખે.

**શૈક્ષણિક સાધન :**

– પક્ષી કાર્ડ

– પક્ષી ચિત્ર

– શબ્દ ચાર્ટ

– જુદા જુદા ચિત્રો

– કાવ્ય અંક

– મોબાઈલ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

– સૌપ્રથમ શિક્ષક વર્ગમાં હળવી કવાયત સાથે વર્ગ વ્યવસ્થા કરી બાળકોને સમૂહમાં ગીતનું ગાન કરાવશે. બાળકો તેનું ઝીલગાન કરશે અને પછી સ્વપ્રયત્ને ગાવા માટે કોશિશ કરશે. બાળકોને શિક્ષક ચકલી ઉડે કાગડો ઉડે, ગાય ઉડેની રમત રમાડીશ. અને તે આઉટ થાય તો જે પશુ થી આવું થાય તેનો અવાજ કાઢી બતાવવા કહેવો બાળકો તેઓ અવાજ કાઢી બતાવશે અને આનંદ અનુભવશે શિક્ષક બાળકોને કુકડીને કલગી ઉંઘે વાર્તાનું હાવભાવ સાથે વાંચન કરશે. બાળકો ધ્યાનથી સાંભળશે અને સમજશે. શિક્ષક વાર્તામાં આવતી વિગતો જેવી કે દોડવા અને ઉડવાથી કુકડીને શું ફાયદો કે નુકશાન થાય કુકડીની ઇચ્છા પુરી થશે જેવી વિગતોની સમજ આપશે. બાળકો તે પ્રમાણે સમજશે અને લખશે.

– શિક્ષક બાળકોને બે ચિત્રો બતાવશે અને અમુક મુદ્દા લખશે અને બાળકો સૂર્ય અને પૃથ્વીના ઘરના તફાવત લખવા માટે જણાવશે. બાળકો બન્ને ચિત્રોનું અવલોકન કરશે અને તફાવતના મુદ્દા લખશે અને જોડા અક્ષરો નીચે લીટી દોરશે. બાળકોને ફકરાના આધારે વસ્તુનું માપ અને સંખ્યાની સમજ આપવી.

– શિક્ષક બાળકોને પા.નં. ૨૯ ઉપરના બે ચિત્રો બતાવશે અને તે ચિત્રોનું અવલોકન કરવા માટે કહેશે અને તેમાં શું સરખું અને શું જુદું છે તે પૂછશે બાળકો અવલોકન મુજબ જણાવશે અને પોતાની ચોપડીમાં લખશે.ક સરખી અને જુદી વસ્તુની નોંધ કરશે.

– શિક્ષક બાળકોના વર્ગમાં બે કે ત્રણના જૂથ બનાવી શબ્દ લેખન કે વાક્ય લેખન કરવા માટે કહેશે. બાળકો સૂચના પ્રમાણે કાર્ય કરશે. શિક્ષક બાળકોને વાર્તાના આધારે પ્રશ્નો પૂછશે. બાળકો તેના જવાબો આપશે. અને નોટમાં નોંધ કરશે.

– શિક્ષક ૨૦ જેટલા મૂળાક્ષરો લખશે અને બાળકોને અંકો આપી શબ્દ બનાવવા કહેશે. બાળકો અંકો પરથી શબ્દો બનાવશે. અને બનતો શબ્દ પોતાના સ્વાધ્યાયમાં લખશે. શિક્ષક બાળકોને પાઠને અને તમામ સ્વાધ્યાય કાર્યના પ્રશ્નો ના જવાબો આપશે અને લખાવશે. બાળકો ચાવડતા જવાબો આપશે. અને પોતાના પાઠ્ય પુસ્તકમાં લખશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- કાવ્યમાં આવતા શબ્દો હળવા, ઝૂમવા, ફરવા, ભમવા, તરવા વગેરે

– પક્ષીઓ ઉડેની રમત

– દોડવા અને ઉડવાથી શું ફાયદો કે નુકશાન

– કુકડીની ઇચ્છા પુરી થશે ખોટા શબ્દો નીચે લીટી દોરવી.

– વસ્તુની સંખ્યા માપ અને ગુણ

– સરખી અને જુદી વસ્તુની નોંધ કરે

– શબ્દ લેખન

– વાક્ય લેખન

– કાવ્યમાં આવતા જોડિયા શબ્દો નીચે લીટી દોરવી

– પ્રશ્નોના જવાબો લખવા

**મૂલ્યાંકન**

– કાવ્યનું લેખન કરવું

– પક્ષીઓના નામ લખવા

– જોડાક્ષર શબ્દ લેખન કરવું

– ૧૦ વસ્તુંના નામ લખવા

– ચિત્ર વર્ણન કરવું

– વાક્યોનું લેખન કરવું

– પ્રશ્નોના જવાબ લખવા

– કાવ્ય લેખન કરવું

– ખાલી જગ્યાઓ પુરવી

– વાક્ય લેખન કરવું

**ઓગષ્ટ માસનું પાઠ આયોજન**

**ધોરણ : 4 વિષય : ગુજરાતી**

**પાઠનું નામ**:

3. કાવ્ય શંખલાની બહેન છીપલી

**અધ્યયન નિષ્પતિ :**

– વાર્તાનું વિશ્લેષણ કરે છે.

– વાર્તા વાંચી તેના અંશોનું લેખન કરે છે.

– પરિચિત પરિસ્થિતિ અંગે સંવાદ રજૂ કરે છે.

– વ્યક્તિગત કે જૂથમાં જૂથકાર્ય કરે છે.

– ચિત્રનું વર્ણન સાત – આઠ વાક્યોમાં લખે છે.

– દ્રશ્યાત્મક વિગતોને મૌખિક રીતે રજૂઆત કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– કાવ્ય ગાન કરે

– કાવ્યાત્મક લખાણનું વિશ્લેષણ કરે.

– વાર્તા લખાણ પરથી વિગતો વાંચે વિગતો વચ્ચેના સબંધોને સમજે

– વાર્તાનું વિશ્લેષણ કરે.

– રક્ષાબંધન વિશે સમજે.

– વાર્તા પરથી પ્રશ્નોત્તરી

– પાઠની વિગતો સમજે અને ચર્ચા કરે

– કથાત્મક લખાણના ૧૦ વાક્ય સર્જન કરી કથાત્મક લખાણના આધારે વાક્ય સર્જન કરે

– પ્રવાહી રીતે મુખવાચન કરે

– કાવ્ય ગાન કરે

– કાવ્યાત્મક લખાણનું વિશ્લેષણ કરે

– કાવ્ય પરથી તર્કલક્ષી પ્રશ્નોના ઉત્તરો લખે

**શૈક્ષણિક સાધન :**

– દરિયાનું ચિત્ર

– પોપટ

– જુદી જુદી રાખડી

– મૂળાક્ષર પત્તા

– ક્રિયાત્મક વાક્ય ચાર્ટ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

– શિક્ષક સૌપ્રથમ વર્ગમાં હળવી કવાયત કરી અને બાળકોને કાવ્યનું ગાન કરાવશે બાળકો કાવ્યનું ઝીલગાન કરશે અને કાવ્યનું લેખન કરવા કહેશે. બાળકો લખશે શિક્ષક બાળકોને પાઠ્ય પુસ્તકનું ચિત્ર બતાવશે. તેનું અવલોકન કરવા કહેશે. અને સાત – આઠ વાક્યો લખવા કહેશે. બાળકો ચિત્ર જોઈને વાક્યો લખશે. શિક્ષક વર્ગમાં બાળકો સામે કલાકારની ઢીંગલી વાર્તાનું આરોહ – અવરોહ સાથે વાંચન કરશે. બાળકો ધ્યાનથી સાંભળશે. સરકારી શાળામાં ભણતો દિવ્ય તેના પિતાને નવરાશના સમયમાં કેવો ઉપયોગી બને છે તેની સમજ આપવી બાળકો સમજે અને તે પણ તેમના વડીલોને મદદગાર થાય તેવું સમજાવવું બાળકોને પ્રશ્નો પૂછવા બાળકો તેના જવાબ આપે છે.

– શિક્ષક બાળકોને વાર્તાનું હાવ – ભાવ સાથે કથન કરશે. અને વાર્તામાં આવતી વિગતોનું વિશ્લેષણ કરી વિસ્તૃત મુદ્દા સાથે સમજ આપશે. બાળકો સમજશે અને દિવ્યેશ જેવા કામો કરવા માટે પ્રેરણા મેળવશે. શિક્ષક બાળકોને દિવ્યેશે બનાવેલી રાખડી, રક્ષાબંધન પર્વની ઉજવણીની સમજ આપશે. બાળકો પોતાની જાતે રાખડી બનાવવાનો પ્રયત્ન કરશે. રક્ષાબંધનનું મહત્વ સમજશે.

– શિક્ષક વર્ગમાં બાળકોને વાર્તા કહેશે અને વાર્તાના આધારે પ્રશ્નોના જવાબો પૂછશે. બાળકો પ્રશ્નોના જવાબો આપશે. અને પોતાની નોટબુકમાં લખશે.

– શિક્ષક બાળકોને વાર્તાનું કથન કરી અને અંદર આવતી વિગતોની વિસ્તૃત ચર્ચા કરશે. બાળકો તે સમજશે અને તેમને આવડતી વસ્તુઓ બનાવશે. રક્ષાબંધનનું મહત્વ સમજી નિબંધ લેખન કરશે. શિક્ષક બાળકોને 'સ' અને 'શ' ની ઓળખ આપશે વાર્તામાં આવતા 'સ' અને 'શ' વાળા શબ્દો નીચે લાઇન કરાવશે. તેનાથી બનતા વાક્યો કહેશે. બાળકો તે પ્રમાણે વાક્યો બનાવશે પોતાની નોટમાં લખશે.

– શિક્ષક બાળકોને અટકયા વગર કેવી રીતે વાંચન કરવું તે વાંચન કરી બતાવશે. બાળકો તે રીતે ધ્યાનથી સાંભળી યોગ્ય ઝડપથી વાંચન કરશે. બાળકો યોગ્ય રાગ સાથે કાવ્યનું ગાન કરશે. બાળકો જાતે સમૂહમાં ગાવા માટે પ્રયત્ન કરશે. શિક્ષક કાવ્યાની વિસ્તૃત ચર્ચા કરશે. સમજૂતિ કરાવશે. બાળકોને તાર્કિક પ્રશ્નો પૂછશે બાળકો તે બરાબર કાવ્યાના ભાવાર્થથી યાદ કરીને જવાબ આપશે અને પોતાની નોટબુકમાં લખશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

- ભગીરથ બ્રહ્મભટ્ટ
– ચિત્રનું અવલોકન
– દરિયાનું ચિત્ર દોરવું
– સમયનું મહત્વ
– સમયનો સદુપયોગ
– રાખડી બનાવવી
– કાવ્યામં આવતા વાર્તા જોડાક્ષર નીચે લાઇન દોરવી
– રક્ષા બંધનનું મહત્વ
– કારેલાના બીજમાંથી બનાવેલી રાખડી
– 'શ' અને 'સ' મૂળાક્ષરોની ઓળખ પત્તા રમત
– વાકય લેખન
– રીડિંગ મેચ વાંચન
– કાવ્યગાન
– કાવ્ય સમજૂતિ ભાઇ – બહેન કરેલી ક્રિયાની નોંધ

**મૂલ્યાંકન**

– કાવ્ય લેખન કરવું
– ચિત્રના આધારે સાત – આઠ વાકયો લખવા
– ઢીંગલી બનાવવી
– ફરકડી બનાવવી.
– રાખડી બનાવવી.
– પ્રશ્નોના જવાબ લખો.
– વાર્તાનું કથન કરી લાવવું
– રક્ષાબંધન વિશે લખવું
– પ્રશ્નોના જવાબ લખો.
– રક્ષાબંધન વિશે લખવું
– 'દ' અને 'ય' વાળા શબ્દોનું લેખન
– શબ્દ અને વાકયનું અનુલેખન

**ઓગષ્ટ માસનું પાઠ આયોજન**

**ધોરણ : 4 વિષય : ગુજરાતી**

**પાઠનું નામ:**

નિબંધ લેખન : ૧૫ મી ઓગષ્ટ

**અધ્યયન નિષ્પતિ :**

– પરિચિત કે અપરિચિત વિષય પર સ્વતંત્ર લેખન કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

– નિબંધ લેખન : ૧૫ મી ઓગષ્ટ

**શૈક્ષણિક સાધન :**

–

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

– વિદ્યાર્થીઓ સાથે ૧૫મી ઓગષ્ટ વિશે ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ નાના – નાના વાક્યો બોલશે. વિદ્યાર્થીઓ લેખનની નોટમાં ૧૫મી ઓગષ્ટ વિશે લખશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- નિબંધ લેખન : ૧૫મી ઓગષ્ટ

**મૂલ્યાંકન**

–

**સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન**

**ધોરણ : 4 વિષય : ગુજરાતી**

**પાઠનું નામ:**

૪. સિંહ ઘૂઘવે બકરો ભાગે

**અધ્યયન નિષ્પતિ :**

- પરિચિત પરિસ્થિતિ અંગે સંવાદ રજૂ કરે.

– વાર્તા પરથી નાટક ભજવે છે.

– વર્ણનાત્મક વિગતોનો ઉપયોગ કરે છે.

– દ્રશ્યાત્મક વિગતોને મૌખિક રીતે રજૂ કરે છે.

– ચિત્રનું વર્ણન સાત – આઠ વાક્યોમાં લખે છે.

– ગતિ પૂર્વક વાક્યોનું લેખન કરે છે.

– શબ્દાત્મક વર્ણન સાત – આઠ વાક્યોમાં લખે છે.

– આપેલ શબ્દનો ઉપયોગ કરી અર્થપૂર્ણ શબ્દ લખે છે.

– વ્યક્તિગત જોડી કે જૂથમાં કાર્ય કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– કાવ્યાત્મક લખાણમાંથી વિગતો શોધે

– વાર્તા સાંભળી વાંચી સમજી શકે

– વાર્તામાંથી પ્રશ્નોના જવાબો શોધે.

– નાટ્યાત્મક વાંચન કરે

– કાવ્યગાન કરે

– વાંચન સામગ્રીમાંથી તથ્યાત્મક અને તર્કલક્ષી પ્રશ્નો આપે

– પરિચ્છેદ પરથી વાક્યોનું અનુલેખન કરે

– કાવ્ય પંક્તિ અભિનય સાથે બોલે

– સંવાદનું વાંચન કરીને બોલે

– દરિયાના નામ અને અર્થની સમજ કેળવે

– નદી પર્વત ની રમત દરિયાની ઉપયોગીતા

– વાક્યોનો સાચો વિકલ્પ લખી ખાલી જગ્યાઓ પૂરો.

– વાર્તાના આધારે પ્રશ્નોના જવાબો લખે.

– શબ્દોનો ઉપયોગ કરી નવું વાક્ય બનાવે

– ઉદાહરણ પ્રમાણે કોષ્ટક પૂર્ણ કરે.

– કોષ્ટકમાંથી આડી ઉભી હરોળ પ્રમાણે વાક્યોના શબ્દો લખે.

– સાચી અને કાલ્પનિક વાતોની સમજ કેળવે.

**શૈક્ષણિક સાધન :**

– પ્રકૃતિ ચિત્રો

– કાવ્ય અંક

– દરિયાના ચિત્રો

– મોબાઇલ કે કમ્પ્યુટરમાં દરિયાનો વિડીયો બતાવો

– અન્ય રમતો દ્વારા સમજ

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

– શિક્ષક વર્ગમાં બાળકોને હળવી કવાયત કરાવી વર્ગ વ્યવસ્થા કરશે અને યોગ્ય રાગ સાથે ગાન કરાવશે. બાળકો તે ગીતનું ગાન કરશે. શિક્ષક કાવ્યની સમજૂતિ કરાવશે બાળકો

ધ્યાનથી સાંભળશે. અને જાણશે તથા કાવ્યનું લેખન કરશે. શિક્ષક બાળકોને સાચો બેટો, ખોટો બેટો ની વાર્તા યોગ્ય હાવ – ભાવ સાથે વાંચન કરશે. બાળકો વાર્તાનું ધ્યાનથી શ્રવણ કરશે અને બરાબર સમજશે.

– શિક્ષક બાળકોને વર્ગમાં વ્યક્તિગત વાર્તાનું વાંચન કરાવશે. બાળકો વાંચન કરી શકે પૂછેલા પ્રશ્નોના જવાબો વાર્તામાંથી શોધી જવાબો આપશે અને પોતાની નોટબુકમાં લખશે. શિક્ષક બાળકોને પાઠમાં આવતા જુદા – જુદા પાત્રો બનાવી બાળકો પાસે નાટયાત્મક વાંચન કરવાનું કહેશે. શિક્ષક બાળકોને વર્ગમાં મહાસાગર કાવ્યનું યોગ્ય તાલ – રાગ સાથે ગાન કરાવશે બાળકો તેનં‌ુ ગાન કરશે. વર્ગમાં બાળકો સમૂહમાં કાર્ય નું ગાન કરશે. શિક્ષક બાળકોને કાવ્યની સમજૂતિ કરાવશે. અને દરિયા વિશે સમજાવશે. કાવ્યમાં આવતા કઠીન કશબ્દોની સમજ શિક્ષક આપશે. અને તે પોતાની નોટબુકમાં લખશે. શિક્ષક બાળકોને તર્કલક્ષી પ્રશ્નો પૂછશે અને અર્થ સમજાવશે અને તેને પોતાની નોટબુકમાં લખવા કહેશે. શિક્ષક બાળકોને પરિચ્છેદ વાકયો લખાવશે અને બાળકોને તેમાંથી ાચા અર્થવાળા વાકયો શોધીને લખવા કહેશે. બાળકો વાકયો પરથી સાચા અર્થવાળા વાકયો લખશે.

– શિક્ષક બાળકોને કાવ્ય પંક્તિઓ સાથે સમજૂતિ કરાવશે બાળકો પંક્તિઓના સંવાદ સાથે બોલશે અને પોતાની નોટબુકમાં લખશે. શિક્ષક બાળકોને દરિયાના થતાં જુદા – જુદા અર્થની સમજ આપશે. બાળકો દરિયાના અર્થ સમજશે અને તેની માહિતી મેળવશે તે પોતાની નોટબુકમાં લખશે. શિક્ષક બાળકોને પર્વતની અને નદીની ઓળખ કરાવશે. બાળકોને નદી, પર્વતની રમત રમાડશે. બાળકો રમત રમશે.

– શિક્ષક બાળકોને કૌંસમાં વિકલ્પ આપશે અને સાચો વિકલ્પ લખી ખાલી જગ્યા પુરવા કહેશે. બાળકો સાચો વિકલ્પ શોધશે અને લખશે. શિક્ષક બાળકોને ફરી વાર્તા કહેશે. વાર્તાનું બાળકો બરાબર વાંચન કરશે. શિક્ષક વાર્તાના પ્રશ્નોના જવાબ આપશે. અને તેના શબ્દો લખાવશે. પછી બાળકો શબ્દોને અનુરૂપ અર્થસભર વાકયો બનાવશે. શિક્ષક વિદ્યાર્થીઓને પાના નંબર 79 પર આપેલા કોષ્ટકમાંથી શબ્દો શોધી બાજુમાં આપેલી ખાલી જગ્યાઓ પુરવા માટેની સમજ આપશે. બાળકો કોષ્ટકમાંથી શબ્દો શોધશે અને આપેલી ખાલી જગ્યાઓ પુરશે. શિક્ષક બાળકોને શબ્દોમાં સ્વર – ચિન્હ આપશે અને શબ્દો લખાવશે. બાળકો શબ્દોમાં સ્વર ચિન્હો મૂકી અને સ્વપ્રયત્ને શબ્દો લખશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- હેતભર્યા, રંગ ભર્યા, અદભૂત, સીંચે, નાજુક
– વાર્તા કથન
– વ્યક્તિગત વાર્તાનું વાંચન
– પ્રાણીઓના નામ
– દરિયાના ચિત્રો દોરવા
– શબ્દોના અર્થ
– વાકયોનું લેખન
– અભિનય સાથે ગાન
– કાવ્યનું ભાષાંતર
– નદી પર્વતની રમત
– સાચા વિકલ્પો લખો.
– પ્રશ્નોનું લેખન
– શબ્દો પરથી વાકયો
– કોષ્ટકમાંથી શબ્દો શોધવા
– શબ્દ બનાવી તેના અર્થ શોધવા

**મૂલ્યાંકન**

– પક્ષીઓના જોડકા જોડી લખવા
– વાર્તા લેખન કરવું
– પ્રશ્નોના જવાબ લખવા
– હરણ વિશે લખવું
– ચિત્ર દોરી લાવવા
– વાક્યોનું અનુલેખન કરવું
– શબ્દોના અર્થ તેમ જ વાક્ય લખવા
– દરિયા વિશે પાંચ વાક્યો લખો
– ખાલી જગ્યા પુરી લાવવી
– ભાવાત્મક વાક્યો લખવા
– સ્વર ચિન્હ સાથે શબ્દ લેખન કરવું

## સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન

## ધોરણ : 4 વિષય : ગુજરાતી

**પાઠનું નામ**:

નિબંધ : મારું પ્રિય પક્ષી મોર

**અધ્યયન નિષ્પતિ :**

- જોયેલું, સાંભળેલું, કલ્પેલું, અનુભવેલું વર્ણવી શકે.
– પરિચિત વિષય પર સ્વંતત્ર લેખન કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

– નિબંધ ''મારું પ્રિય પક્ષી મોર''

**શૈક્ષણિક સાધન :**

–

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

– વિદ્યાર્થીઓ સાથે મારું પ્રિય પક્ષી – ''મોર'' વિશે ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ લેખનની નોટમાં મારું પ્રિય પક્ષી ''મોર'' વિશે ચર્ચા કરી લખશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

- નિબંધ લેખન – મારું પ્રિય પક્ષી ''મોર''

**મૂલ્યાંકન**

–

## ઓક્ટોબર માસનું પાઠ આયોજન

## ધોરણ : 4 વિષય : ગુજરાતી

**પાઠનું નામ**:

૫. પવન ખિજાય તો ગોળ ઝાપટો

**અધ્યયન નિષ્પતિ :**

– પરિચિત પરિસ્થિતિ અંગે સંવાદ રજૂ કરે છે.
– ચિત્રનું વર્ણન સાત – આઠ વાક્યમાં કરે છે.
– વાર્તા પરથી નાટક ભજવે છે.
– શબ્દોના અર્થ તારવે
– સમૂહમાં જોડીમાં લેખન કાર્ય કરે.
– આપેલ શબ્દોનો ઉપયોગ કરી અર્થ પૂર્ણ વાક્ય લખે.
– પરિચિત પ્રસંગો સ્થળ અને વ્યક્તિનું વર્ણન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– ગીતનું ગાન કરે.
– ચિત્ર જોઈને વર્ણન કરે
– વાર્તાના તાત્પર્ય સમજે.
– વાર્તાના આધારે વાતચિત અને પ્રશ્નો
– વાર્તાના આધારે વાક્ય પૂર્ણ કરે.
– સંવાદ સાંભળી વાંચી રૂઢિપ્રયોગો લખે.
– ઉદાહરણ પ્રમાણે વાક્ય લેખન કરી વિકલ્પ પસંદ કરીને જવાબ લખે.
– ગીતનું ગાન કરી ગીતના આધારે તર્કલક્ષી જવાબો આપે.
– ચિત્ર પરથી ઉખાણા બનાવે
– ફકરાના પ્રશ્નોના જવાબો આપે.
– શબ્દાર્થ લેખન કરી શકે.

**શૈક્ષણિક સાધન :**

– ખિસકોલીનું ચિત્ર
– જંતુઓના ચિત્રો
– શેરડીનું ચિત્ર
– વાક્ય ચાર્ટ
– વાક્ય પટ્ટીઓ

– વાવાઝોડાનો વિડીયો
– વૃક્ષ પરના પક્ષીઓનું ચિત્ર
– વાર્તા ચાર્ટ
– શબ્દ ચાર્ટ
– ઉખાણા ચાર્ટ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

– શિક્ષક વર્ગમાં હળવી કવાયત કરાવી વર્ગ વ્યવસ્થા કરશે. સમૂહમાં બાળકો સામે ખિસકોલીનું ગીત ગાશે. બાળકો પણ તે રીતે ગીત ગાશે શિક્ષક બાળકોને જુદા – જુદા ઝાડની ઓળખ આપશે. બાળકો તે ઝાડ વિશે જાણશે અને તેના ઉપયોગો વિષે સમજશે. શિક્ષક બાળકોને વર્ગમાં કીડી અને મંકોડા તથા માખી વધારે કયાં આવે તેમને કેવી રીતે ખબર પડે તેની સમજ આપશે. બાળકો જાણશે. બાળકોને કીડી – મંકોડા અને માખીનું ચિતર દોરવા કહેશે. શિક્ષક વર્ગમાં વિદ્યાર્થીઓને મીન્ટુભાઇ ગોળ વાળાની વાર્તા કહે છે. બાળકો વાર્તા ધ્યાથી સાંભળશે. બાળકોને વ્યક્તિગત વાર્તાનું વાંચન કરાવશે. વાર્તા પરથી પ્રશ્નોના જવાબ બાળકો આપશે. શિક્ષક બાળકોને વાર્તાના આધારે આપેલ વાકયોના સાચા શબ્દોની સમજ આપશે. બાળકો વાકયોમાંથી સાચા શબ્દો શોધશે અને પછી તેનું લેખન કરશે. શિક્ષક બાળકોને વાર્તાના આધારે સંવાદમાંથી રૂઢિપ્રયોગ લખાવશે. અને તેના અર્થ સમજાવશે. બાળકો તેના પરથી વાકયની મસજ મેળવશે. અને તે લખશે. શિક્ષક બાળકોને પાઠયપુસ્તકમાં આપેલ ઉદાહરણ પ્રમાણે વાકયોની સમજ આપશે. બાળકો બરાબર વાકય સમજશે અને તેનું લેખન કરશે.

– બાળકો સમક્ષ અટકચાળો પવન ગીતનું ગાન કરશે. બાળકો તેનું ગાન કરશે. શિક્ષક બાળકોને ગીતની સમજ આપશે. અને ગીતના આધારે તર્કલક્ષકી પ્રશ્નોના જવાબો પૂછશે. બાળકો જવાબો આપશે. શિક્ષક બાળકોની અમુક મૃત વસ્તુઓના ચિત્રો બતાવી તેના પરથી ઉખાણા કહેશે. બાળકો ઉખાણા સાંભળશે. શિક્ષક આવા બીજા ઉખાણા બનાવવા માટે કહેશે. શિક્ક બાળકોને જુદા – જુદા ચિત્રો બતાવી ઉખાણા કહેશે. અને ઉખાણા પરથી પ્રશ્નો પૂછશે. બાળકો ઉખાણા ધ્યાનથી સાંભળશે. અને પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપશે. શિક્ષક પાના નંબર ૯૯ પર નો ફકરો વાંચી સંભળાવશે અને બાળકોને વ્યક્તિગત વંચાવશે. શિક્ષક ફકરાને આધારેપ્રશ્નો પૂછશે. બાળકો પ્રશ્નોના જવાબ આપશે. શિક્ષક બાળકોને પાઠય પુસ્તકના પા.નં. ૧૦૦ પર આપેલી શબ્દ પોટલીના શબ્દોના અર્થ સમજાશે. બાળકો તે અર્થ સમજશે. અને પોતાની નોટબુકમાં લખશે. શિક્ષક વર્ગમાં બાળકોને આગળ ચાલી ગયેલા કાવ્ય, વાર્તા, ઉખાણ રૂપે સંવાદ કરશે. બાળકો યાદ રહેલી બાબતોના જવાબો આપશે. તથા કાવ્ય વાર્તા અને ઉખાણા પોતાની નોટબુકમાં લેખન કરશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

- આંબો, પીપળો, વડ, લીમડો
– મંકોડાનું ચિત્ર
– વાર્તામાં આવતા જોડાક્ષરોની નોંધ
– શબ્દો પરથી વાકયોનું લેખન
– રૂઢીપ્રયોગો
– વાનગીઓનું લિસ્ટ બનાવો
– વાકયોનું લેખન
– શબ્દોની રમત રમવી
– ગીતનું ગાન

– તર્કલક્ષી પ્રશ્નો બનાવવા
– જુદા – જુદા ઉખાણા
– ફકરાનું વાંચન
– શબ્દોનો અર્થ
– પ્રશ્નોના જવાબો ક

**મૂલ્યાંકન**

– કાવ્ય લેખન કરવા કરવું
– મંકોડાનું ચિત્ર દોરો
– મીન્ટુભાઇ વિશે પાંચ વાક્યો લખવા
– પ્રશ્નોના જવાબ લખવા
– બે રૂઢીપ્રયોગના અર્થ લખવા
– ગોળની વાનગીના નામ લખવા
– ગીતનું લેખન કરવું
– ગીતના આધારે પાંચ વાક્યોનું લેખન કરવું
– ફકરાનું લેખન કરવું
– શબ્દ પોટલી લખવા માટે કહેવું
– પ્રશ્નોના જવાબો લખવા
– ઉખાણા લખવા

**ઓકટોબર માસનું પાઠ આયોજન**

**ધોરણ : 4 વિષય : ગુજરાતી**

**પાઠનું નામ**:

નિબંધ લેખન : દિવાળી

**અધ્યયન નિષ્પતિ :**

– પરિચિત કે અપરિચિત વિષય પર સ્વતંત્ર લેખન કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

– નિબંધ લેખન : "દિવાળી"

**શૈક્ષણિક સાધન :**

–

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ સાથે 'દિવાળી' તહેવારની ઉજવણી અંગે ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ 'દિવાળી' વિશે નોટમાં લખશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

- નિબંધ લેખન – દિવાળી

**મૂલ્યાંકન**

– સ્વાધ્યાય લખવા જણાવીશ.

**નવેમ્બર / ડિસેમ્બર માસનું પાઠ આયોજન**

**ધોરણ : 4 વિષય : ગુજરાતી**

**પાઠનું નામ**:

૬. ભાઈબંધ મારો બોલ્યો કુહૂ

**અધ્યયન નિષ્પતિ :**

- વિગતોનો ઉપયોગ કરે છે.
– પડેલા નામ અને સમૂહવાચક ઓળખે છે.
– આપેલા શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ શબ્દ બનાવે છે.
– શબ્દના અર્થ તારવે છે.
– ગતિપૂર્વક વાક્યોનું લેખન કરે છે.
– જોડાક્ષરોનું વાંચન સ્પષ્ટ રીતે કરે છે જોડાક્ષર અને સંયુકતાક્ષરોનું શ્રવણ, કથન, વાંચન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– ગીતનું ગાન
– ચિત્ર વર્ણન
– પ્રશ્નોત્તરી
– ગીતનું ગાન અને તેના આધારે પ્રશ્નોત્તરી સૂચના મુજબ અભિનય
– સરખા શબ્દો વાળા ઉચ્ચારની જોડ યોગ્ય વિકલ્પ પસંદ કરવા
– પાઠનું અર્થ વાંચન સાથે સમજ
– પ્રશ્નોત્તરી વાર્તામાંથી સમાન અર્થવાળા શબ્દો શોધવા
– તમન. શું લાગે તેની ચર્ચા કરી ખરા ખોટાની સમજ
– જોડીમાં બેસી વાર્તાનું વાંચન
– પ્રશ્નોના જવાબોની ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

– વિડીયોની દર્શન

– શબ્દ ચાર્ટ

– વાક્ય ચાર્ટ

– ઢોલક, મંજીરા

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

– શિક્ષક વર્ગમાં હળવી કવાયત કરાવી વર્ગવ્યવસ્થા કરાવશે અને ગીતનું ગાન કરશે. શિક્ષક ચિત્રનું અવલોકન કરશે અને તેના પરથી પ્રશ્નો પૂછશે બાળકો પ્રશ્નોના જવાબ આપશે. શિક્ષક બાળકોને ગીતના આધારે પ્રશ્નો પૂછશે બાળકો તેના જવાબો આપશે. શબ્દ પરથી નવી વાક્ય રચના બનાવતાં શીખવશે. શિક્ષક બાળકોને કાવ્યમાં આવતા સરખા ઉચ્ચારવાળા શબ્દોની જોડ બનાવવાનું કહેશે. શિક્ષક બાળકો સમક્ષ 'આહ ! બોઘરાજ વાહ બોઘરાજ' પાઠનું આરોહ – અવરોહ સાથે વાચન કરશે. શિક્ષક વાર્તાને આધારે પ્રશ્નોત્તરી કરશે. બાળકોને પાઠમાંથી સમાન અર્થવાળા શબ્દો શોધીને બતાવશે. શિક્ષક બાળકોને જોડીમાં બેસાડી વાર્તાનું વ્યક્તિગત વાંચન કરાવશે અને પ્રશ્નોની ચર્ચા કરી પ્રશ્નો પૂછશે. બાળકો તેના જવાબો આપશે. બાળકોને પાઠ્ય પુસ્તકમાં આપેલા કોઠામાં શબ્દો લખાવી અને સમજ આપી કોઠો પૂર્ણ કરશે. શિક્ષક બાળકોને જુદા – જુદા કારીગરોની ઓળખ આપશે. તેમના વ્યવસાયની સમજ આપશે. દરેક વ્યવસાયની ઉપયોગીતા જણાવશે. બાળકો ધ્યાનથી સાંભળશે અને જાણશે તથા જુદા – જુદા કારીગરોના નામ બોલશે. અને લખશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

- ચિત્રનું અવલોકન કરી પાંચ વાક્ય લખવા

– શબ્દ પરથી વાક્ય રચના કરવી

– યોગ્ય વિકલ્પ શોધવા

– સરખા અર્થવાળા શબ્દોની જોડી બનાવવી.

– પાઠનું વ્યક્તિગત વાંચન

– ખરા ખોટા વાક્યો

– શબ્દ પોટલીના શબ્દો

– કારીગરોના નામ

**મૂલ્યાંકન**

– ચિત્ર પરથી પાંચ વાક્યો લખવા

– શબ્દ પરથી વાક્ય રચના લખવી.

– સાંજ પડતાં શું થાય લખો

– પ્રશ્નાર્થ વાક્ય બનાવવા

– ખરા ખોટા લખવા

– પ્રશ્નોના ઉત્તરો લખવા

– કારીગરોના નામ લખવા

શિક્ષણ સાગર

# વાર્ષિક માસવાર આયોજન

શિક્ષકો વિધાર્થીઓ માટે તમામ શૈક્ષણિક મટીરીયલ્સ એક જ જગ્યાએ મેળવવા **શિક્ષણસાગર એપ્લિકેશન** ડાઉનલોડ કરો.

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education





**આવા દરેક ધોરણના વિષયવાર આયોજન શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.**